ભાસ્કર ખાસ. ટપાલ વિભાગ સપ્ટેમ્બર સુધીમાં સેવા આપશે, ટપાલીઓને 20 હજાર હેન્ડહેલ્ડ ડિવાઇસ અપાશે

# ATM ઘેર આવશે, પૈસા ઉપાડી શકાશે, જમા પણ થશે

સંતોષ ઠાકુર.નવી દિલ્હી

બહુ જલદી તમે ઘેર બેઠા બેન્કમાંથી પૈસા ઉપાડી શકશો અને જમા પણ કરાવી શકશો, પછી ભલે ને તમારું એકાઉન્ટ કોઇ પણ બેન્કમાં કેમ ના હોય.તે માટે માઇક્રો-એટીએમ તમારા ઘેર સામે ચાલીને આવશે.

આ વર્ષે જ લગભગ વીસ હજાર માઇક્રો એટીએમ ટપાલીઓને ઉપલબ્ધ કરાવી દેવાશે. જ્યારે આગામી વર્ષ માર્ચ મહિના સુધીમાં દેશભરમાં લગભગ 1 લાખ 30 હજાર આવા માઇક્રો-એટીએમ કે હેન્ડલ્ડ ડિવાઇસ ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે.તે હાથ વડે ચાલનારી અને સૂર્ય ઊર્જાથી ચાલતા એવાં મશીનો હશે જે એક સાથે ઘણા પ્રકારે સેવા આપશે. આ



હેન્ડહેલ્ડ ડિવાઇસ આવું હશે.

વિશે આ મહિને યોજાનારી બેઠકમાં નિર્ણય થશે. સપ્ટેમ્બર સુધીમાં લોકોને આ સુવિધા મળી શકશે.

ટપાલ વિભાગના કાયાકલ્પમાં લાગેલા ટેલિકોમ પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે,આ એવું ઉપકરણ હશે જે હાથ વડે સંચાલિત થશે. તેનો મહત્તમ ઉપયોગ ગામડાઓમાં થશે, તેથી તેને સૌર ઊર્જાથી ચાર્જ કરવાની પણ સુવિધાથી સજ્જ કરવામાં આવી રહ્યું છે. તે બેન્કો સાથે સીબીએસ સિસ્ટમ સાથે જોડાશે, જે કારણે તમામ બેન્કોનાં ખાતાંઓમાંથી તેની મદદથી પૈસા કાઢી શકાશે અને મજા કરાવી શકાશે. તે માટે રિઝર્વ બેન્ક અને ટપાલ વિભાગ વચ્ચે બેઠક યોજાવાની છે. પ્રસાદે કહ્યું કે તેનાથી બેન્કિંગ વધુ સરળ થઈ જશે.

વિશેષ વાત આ છે કે તેના માટે એટીએમ ઉપયોગની જેમ ગ્રાહકે કોઇ પણ જાતના પૈસા નહીં આપવા પડે. વ્યવસાયિક લાભ માટે સીધા જ ટપાલ વિભાગ અને બેન્કો વચ્ચે કરાર થશે. તેનાથી બેન્કોના પણ ઘણા પૈસા બચશે. તેમને દૂર-સુદૂરના વિસ્તારોમાં એટીએમ સ્થાપિત નહીં કરવા પડે. બેન્કોએ એટીએમની સ્થાપના, તેના સંચાલન અને તે માટે રાખવામાં આવતા કર્મચારીઓ, સિક્યોરિટી ગાર્ડ પાછળ થતો ખર્ચ શૂન્ય થઈ જશે. પ્રસાદે કહ્યું કે દેશમાં 1 લાખ 55 હજાર પોસ્ટ ઓફિસ છે. તેમાંથી એક હજાર મોટા એટીએમ લગાવવામાં આવી રહ્યા છે. જ્યારે ગામડાઓમાં આ હેન્ડહેલ્ડ ડિવાઇસ વડે એટીએમ સેવા આપવામાં આવશે. તેના માટે ટપાલીઓને ખાસ તાલીમ આપવામાં આવશે. જેથી તેઓ લોકો સુધી કોઇ પણ પ્રકારની મુશ્કેલી વિના સેવા પહોંચાડી શકે.